પ્રશ્ન ક્રમ - ૮૦ (3)

**દાહોદ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ**

***15/4/780 શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર (ગરબાડા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૧)

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૨૪.૦૩ |
| ૨૦૨૩-૨૪ | ૧૦.૯૨ |

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

(૨)

| વર્ષ | સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૯.૮૨ (બાકીનું ૪.૨૧ લાખ કિ.ગ્રા. ઘાસ ગંજી/પ્લેટફોર્મ પર સંગ્રહ કરવામાં આવ્યું) |
| ૨૦૨૩-૨૪ | ૦.૦૦ |

---

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.૧૩/મ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૦/૦૧/૨૦૨૪

ગુજરાત વિધાનસભાના તારીખઃ ૧૦/૦૧/૨૦૨૪ તારાંકિત પ્રશ્નઃ ૧૫/૪/૭૮૦ અન્વયે જરૂરી કાર્યવાહી સારું

(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાનાઃ

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(HoFF),અરણ્ય ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર

૨. સેક્શન અધિકારી(સંકલન), અ-૧ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

# અગ્રતાક્રમાંક.૧૦

મહેન્દ્રભાઈ ભાભોર (ગરબાડા)

**પ્રશ્ન**

**દાહોદ જીલ્લામાં વીડીઓમાંથી વન વિભાગ દ્વારા ઘાસ એકત્રીકરણનો લક્ષ્યાંક પૂર્ણ થયા બાદ ઘણું ઘાસ વીડીઓમાં રહી જવા પામે છે તો તવું વધારાનું ઘાસ સ્થાનિક લોકોને આપવા માટે સરકારશ્રી દવારા શું વ્યવસ્થા કરવામાં આવી છે?**

**જવાબ**

- દાહોદ જીલ્લામાં ઉત્પાદિત થયેલ ઘાસનું વન વિભાગ દ્વારા વાઢકામ કર્યા પછી વીડીમાં વધારાનું રહી જવા પામેલ ઉભા ઘાસનું સરકરશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૦૪/૧૨/૨૦૨૩નાં ઠરાવની જોગવાઈ મુજબ જે ગામે સહભાગી વન વ્યવસ્થા હેઠળ રજીસ્ટર થયેલ વન વિભાગની અધિકાર પત્ર મેળવેલ વન સમિતી/મંડળી કાર્ય કરતી હશે તો તેવી સમીતીને સૌપ્રથમ વિનામુલ્યે ઘાસ વાઢી લઈ જવાની પ્રાથમીકતા અપવાની રહેશે. અને ત્યાર પછી નીચે પ્રમાણેનો અગ્રતા ક્રમ મુજબ  વિનામુલ્યે ઘાસ વાઢી લઈ જવાનું રહેશે.

  (૧) સ્થાનીક ગૌશાળા / પાંજરાપોળ, કે જે ગૌ સંવર્ધનનું કામ કરતી હોય

  (૨) સ્થાનીક માલધારી સહકારી મંડળી

  (૩) સ્થાનીક દુધ ઉત્પાદક મંડળી

  (૪) સ્થાનીક ગ્રામ પંચાયત

- સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં દાહોદ જિલ્લામાં ઉક્ત જોગવાઈ મુજબ ૬.૭૯ લાખ કિ.ગ્રા ઘાસનું વિનામુલ્યે વાઢી લઈ જવાની મંજુરી આપવામાં આવેલ છે.
- સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં કામગીરી ચાલુ છે.

# અગ્રતાક્રમાંક.૧૦

મહેશભાઈ ભુરિયા (ઝાલોદ)

**પ્રશ્ન**

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અનામત વીડી અને કેટલી બિન અનામત વીડી આવેલી છે? તથા તેનો કુલ વિસ્તાર કેટલો છે?**

**જવાબ**

- **દાહોદ જિલ્લામાં ૧૨ અનામત વીડી આવેલ છે. જેનો કુલ વિસ્તાર ૫૪૦૩.૭૬ હેક્ટર છે.**
- **દાહોદ જીલ્લામાં બિન અનામત વીડી આવેલ નથી.**

| અનં. | તાલુકો | અનામત વીડી | |
|---|---|---|---|
| | | સંખ્યા | વિસ્તાર |
| ૧ | દાહોદ | ૯ | ૪૧૧૬.૦૨ હેક્ટર |
| ૨ | લીમખેડા | ૧ | ૨૯૪.૦૦ હેક્ટર |
| ૩ | ગરબાડા | ૧ | ૪૨૧.૯૪ હેક્ટર |
| ૪ | ઝાલોદ | ૧ | ૫૭૧.૮૦ હેક્ટર |
| **કુલ** | | **૧૨** | **૫૪૦૩.૭૬** હેક્ટર |

# <u>અગ્રતાક્રમાંક.૧૦</u>

અભેસિંહ તડવી (સાંખેડા)

**પ્રશ્ન**

**અછત અથવા તો અન્ય કુદરતી આપત્તિ વખતે માલ ઢોર માટે ઘાસની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી છે? તથા દેશમાં અન્ય રાજ્યોમાં આવી વ્યવસ્થા છે કે કેમ ?**

**જવાબ**

- દેશમાં ગુજરાત રાજ્ય, એક જ એવું રાજ્ય છે કે જેમાં રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા ઘાસ એકત્રીકરણ, સંગ્રહ અને વિતરણની કામગીરી કરવામાં આવે છે. વન વિભાગ દ્વારા રાજ્યમાં સૌ પ્રથમ ૧૯૫૪ થી ગોડાઉનો બાંધી જંગલ વિસ્તારમાંથી ઘાસ એકત્રિત કરી સંગ્રહ કરવાની પ્રથા ચાલુ કરવામાં આવેલ છે. ભારતના ~~કોઈ પણ રાજ્યમાં વન વિભાગની~~ દ્વારા ગુજરાત રાજ્યમાં વીડીમાંથી સરકારશ્રી દ્વારા ઘાસ એકત્ર કરવામાં ~~આવતું નથી.~~ આવે છે

- ગુજરાત રાજયમાં અછત અથવા કુદરતી આપત્તિ વખતે માલઢોર માટે ઘાસની ઉપલબ્ધી સુનિશ્ચિત કરવા માટે વન વિભાગ દ્વારા જયાં જયાં ઘાસ ઉત્પાદનના સ્ત્રોત છે, તેવા તમામ જિલ્લાઓમાં વન વિસ્તાર માંથી ઘાસનો જથ્થો એકત્રિત કરવામાં આવે છે અને તેનો સંગ્રહ કરવા માટે ગોડાઉનો બનાવેલ છે, જેમાં ઘાસને સુરક્ષિત રાખવામાં આવે છે. આ ઘાસનું અછત અથવા અન્ય કુદરતી આપત્તિ વખતે મહેસૂલ વિભાગ મારફતે વિતરણ કરવામાં આવે છે. **હાલ તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ગુજરાતમાં કુલ ૪૨૦.૪૪ લાખ કિ.ગ્રા.** જેટલો ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે.

૨૩-૨૪ માં [illegible]

3A

# પુરક નોંધ

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૭૮૦

## દાહોદ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ.

વડોદરા વન વર્તુળના બારીયા વન વિભાગ હેઠળ દાહોદ જીલ્લામાં ૧૨ (બાર) અનામત વીડીઓ આવેલી છે. જેનો વિસ્તાર ૫૪૦૩.૭૬ હેકટર છે.

દર વર્ષે અનામત વીડીઓમાંથી ઘાસ એકત્રીકરણ કરવાની કામગીરી કરી જુદા-જુદા ગોડાઉનમાં ઘાસનું સંગ્રહ કરવામાં આવે છે. અનામત વીડીઓ કોઇપણ સંસ્થાને ઘાસ વાઢવા કે કાપવા માટે ફાળવવામાં આવતી નથી. પરંતુ ખાતાકીય રીતે ઘાસ એકત્રીત કરવામાં આવે છે. જ્યારે બિનઅનામત વીડીઓ (રાષ્ટ્રીય ઉદ્યાનની તેમજ અભ્યારણ્ય વિસ્તાર બહારની) માત્ર એકસાલી ધોરણે ગૌશાળા, પાંજરાપોળ, માલધારી સહકારી મંડળીઓ, પંચાયતો વગેરે જેવી સંસ્થાઓને અગ્રતાના ધોરણે એકસાલી પટ્ટાથી આપવા નિયમો નક્કી થયેલા છે. અપવાદરૂપ કિસ્સામાં બિનઅનામત વીડી કે જેની હરાજી થઇ શકેલ ન હોય અને ઘાસનો જથ્થો નિકળે તેમ હોય તેવી બિનઅનામત વીડીમાંથી પણ ઘાસ એકત્રિત કરી વન વિભાગ હસ્તકના ગોડાઉન / ગંજીઓમાં સંગ્રહ કરવામાં આવે છે. ઉપરોકત અનામત તથા બિનઅનામત વીડીઓમાં કુદરતી રીતે જ ઘાસનો ઉગાવો થાય છે. જેમાં, શનિયારો, ઝીંઝવો, રાતડો, ખેવડો, બરૂ, ફોફલું વગેરે પ્રકારના જાતનું ઘાસ મુખ્યત્વે હોય છે.

સને ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી) નાં વર્ષમાં નીચે મુજબની વીડીઓમાંથી ઘાસ એકત્ર કરવામાં આવેલ છે.

| અનં. | વીડીનુ નામ | ઉત્પન્ન થયેલ ઘાસ | |
|---|---|---|---|
| | | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ |
| ૧ | માતવા | ૦.૫૦ | ૦.૩૦ |
| ૨ | મુવાલીયા | ૩.૫૦ | ૦.૫૦ |
| ૩ | નીનમળીયા | ૧.૮૦ | ૧.૦૦ |
| ૪ | રાબડાલ | ૨.૦૦ | ૧.૪૫ |
| ૫ | જેકોટ | ૨.૯૦ | ૧.૪૨ |
| ૬ | રોઝમ | ૨.૭૦ | ૧.૫૦ |
| ૭ | કાળીતળાઇ | ૪.૦૦ | ૧.૫૦ |
| ૮ | રામપુરા | ૨.૦૦ | ૧.૫૦ |
| ૯ | ખોડવા | ૧.૧૨ | ૦.૫૦ |
| ૧૦ | ખજુરી | ૧.૧૦ | ૦.૨૫ |
| ૧૧ | ટાઢાગોળા | ૦.૯૧ | ૦.૫૦ |
| ૧૨ | જાદાખેરીયા | ૧.૫૦ | ૦.૫૦ |
| કુલ | | ૨૪.૦૩ | ૧૦.૯૨ |

ઉપર મુજબ એકત્રીત કરેલ સને ૨૦૨૨-૨૩નું ઘાસ બારીયા વન વિભાગ હેઠળના દાહોદ જિલ્લાના નીચેની વિગતેના ગોડાઉન / ગંજીમાં સંગ્રહ કરવામાં આવેલ છે .

| અ.નં. | વર્ષ | ગોડાઉનનું નામ | ગંજીનું નામ | સંગ્રહ કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨-૨૩ | લીમખેડા૧- | - | ૦.૬૭ |
| ૨ | | લીમખેડા૪- | - | ૦.૮૨ |
| ૩ | | લીમખેડા૬- | - | ૦.૨૭ |
| ૪ | | લીમખેડા૮- | - | ૦.૨૦ |
| ૫ | | રામપુરા૨- | - | ૧.૫૨ |
| ૬ | | રામપુરા૫- | - | ૧.૬૦ |
| ૭ | | રામપુરા-૬ | - | ૧.૭૨ |
| ૮ | | રામપુરા-૧૨ | - | ૧.૩૮ |
| ૯ | | રામપુરા-૧૪ | - | ૨.૫૭ |
| ૧૦ | | રામપુરા-૧૭ | - | ૦.૪૪ |
| ૧૧ | | રામપુરા-૧૮ | - | ૦.૬૧ |
| ૧૨ | | રામપુરા-૨૪ | - | ૨.૩૩ |
| ૧૩ | | રામપુરા-૨૫ | - | ૨.૧૬ |
| ૧૪ | | રામપુરા-૨૬ | - | ૧.૭૫ |
| ૧૫ | | રામપુરા-૨૭ | - | ૧.૭૮ |
| | | | **ગોડાઉનમાં સંગ્રહ કુલ** | **૧૯.૮૨** |
| ૧૬ | | - | રામપુર પ્લેટફોર્મ-૧ | ૧.૩૭ |
| ૧૭ | | - | રામપુર પ્લેટફોર્મ-૨ | ૧.૫૧ |
| ૧૮ | | - | રામપુર પ્લેટફોર્મ-૨ | ૧.૦૨ |
| ૧૯ | | - | રામપુર પ્લેટફોર્મ-૧૨ | ૦.૩૧ |
| | | | **ગંજીમાં સંગ્રહ કુલ** | **૪.૨૧** |
| | | | **એકંદર કુલ** | **૨૪.૦૩** |

સને ૨૦૨૩-૨૪ માં ઉત્પન્ન થયેલ ઘાસનું એકત્રીકરણ, ઘાસનું પ્રેસીંગ તથા ઘાસ ગોડાઉનમાં વાહતુક કરવાની કામગીરી ચાલુમાં છે.

પ્રશ્ન:-૩ દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાલુકાવાર કેટલું ઘાસ એકત્રિત કરવામાં આવ્યું, તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે કુલ કેટલી રકમ મજુરોને ચુકવણું કરવામાં આવેલ છે?

વર્ષ ૨૦૨૨-૨૩

| તાલુકાનું નામ | એકત્રિત કરેલ ઘાસ | થયેલ ખર્ચ (લાખમાં) | ઉત્પન્ન થયેલ માનવદિન | મજુરોને કરાયેલ ચુકવણું |
|---|---|---|---|---|
| દાહોદ | ૨૧.૧૨ | ૨૦૮.૪૫ | ૫૯૩૩૭ | ૨૦૮.૪૫ |
| લીમખેડા | ૧.૫૦ | ૧૪.૮૦ | ૪૨૧૩ | ૧૪.૮૦ |
| ગરબાડા | ૦.૫૦ | ૪.૯૩ | ૧૪૦૩ | ૪.૯૩ |
| ઝાલોદ | ૦.૯૧ | ૮.૯૮ | ૨૫૫૬ | ૮.૯૮ |
| **કુલ** | **૨૪.૦૩** | **૨૩૭.૧૬** | **૬૭૫૦૯** | **૨૩૭.૧૬** |

વર્ષ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ નીસ્થિતિએ)

| તાલુકાનું નામ | એકત્રિત કરેલ ઘાસ | થયેલ ખર્ચ | ઉત્પન્ન થયેલ માનવદિન | મજુરોને કરાયેલ ચુકવણું |
|---|---|---|---|---|
| દાહોદ | ૯.૬૨ | ૦ | ૦ | ૦ |
| લીમખેડા | ૦.૫૦ | ૦ | ૦ | ૦ |
| ગરબાડા | ૦.૩૦ | ૦ | ૦ | ૦ |
| ઝાલોદ | ૦.૫૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૧૦.૯૨** | **૦** | **૦** | **૦** |

**પ્રશ્ન:-૪ દાહોદ જિલ્લામાં આવેલ કુલ ઘાસ ગોડાઉનની તાલુકાવાર સંખ્યા કેટલી છે અને તેની સંગ્રહક્ષમતા કેટલી છે?**

**જવાબ:-**

| **તાલુકાનું નામ** | **ગોડાઉનની સંખ્યા** | સંગ્રહક્ષમતા (લાખ કિ.ગ્રા.) |
|---|---|---|
| બારીયા | ૨ | ૧.૬૦ |
| લીમખેડા | ૯ | ૧૬.૦૦ |
| દાહોદ | ૩૩ | ૭૪.૫૦ |
| **કુલ** | **૪૪** | **૯૨.૧૦** |

**આમ, દાહોદ જિલ્લામાં કુલ- ૪૪ ગોડાઉન છે અને તેની સંગ્રહક્ષમતા ૯૨.૧૦ લાખ કિ.ગ્રા. છે.**

**પ્રશ્ન:- ૯ દાહોદ જિલ્લામાં ઘાસનો વધારે સંગ્રહ કરવા માટે છેલ્લા પાંચ વર્ષમાં કેટલા નવા ગોડાઉન બનાવવામાં આવેલ છે અને તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?**

**જવાબ:-**

| વર્ષ | તાલુકો | ગોડાઉનનું નામ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | દાહોદ | નવુ રામપુરા-૨૩ | ૦.૫ |
| ૨૦૨૧-૨૨ | દાહોદ | નવુ રામપુરા-૨૪ | ૦.૫ |
| | | નવુ રામપુરા-૨૫ | ૦.૫ |
| | | નવુ રામપુરા-૨૬ | ૦.૫ |
| ૨૦૨૨-૨૩ | દાહોદ | નવુ રામપુરા-૨૭ | ૦.૫ |
| | લીમખેડા | લીમખેડા-૮ | ૦.૫ |
| | | લીમખેડા-૯ | ૦.૫ |

**પ્રશ્ન:-૧૦ રાજ્યમાં તથા દાહોદ જીલ્લામાં ઘાસનો ઉપલબ્ધ જથ્થો તથા ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થાની વિગતો શું છે ?**

**જવાબ:- રાજ્યમાં તથા દાહોદજીલ્લામાં ઘાસનો ઉપલબ્ધ જથ્થો તથા ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થાની વિગતો નીચે મુજબ છે**

(૧) **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ**

રાજ્યમાં કુલ ઘાસનો જથ્થો – ૪૨૦.૪૪ લાખ કિ.ગ્રા.

તે પૈકી ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થો – ૪૦૫.૫૮ લાખ કિ.ગ્રા.

(બાકીનો ૧૪.૮૭ લાખ કિ.ગ્રા. ઘાસનો જથ્થો પાકા પ્લેટફોર્મ ઉપર બનાવેલ ગંજીમાં સંગ્રહ કરી રાખવામાં આવેલ છે.)

## દાહોદ જિલ્લામાં ઘાસનો જથ્થો

(૧) **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ**

દાહોદ જિલ્લામાં કુલ ઘાસનો જથ્થો – ૪૯.૦૪ લાખ કિ.ગ્રા.

તે પૈકી ગોડાઉનમાં સંગ્રહ કરાયેલ જથ્થો – ૪૪.૮૩ લાખ કિ.ગ્રા.

(બાકીનો ૪.૨૧ લાખ કિ.ગ્રા. ઘાસનો જથ્થો પાકા પ્લેટફોર્મ ઉપર બનાવેલ ગંજીમાં સંગ્રહ કરી રાખવામાં આવેલ છે.)

**પ્રશ્ન:- ૮ વન વિભાગ દ્વારા ઘાસના છુટક વેચાણના શું દર મંજૂર કરવામાં આવેલ છે?**

**જવાબ:-**

ઘાસની કામગીરી શ્રમલક્ષી કામગીરી છે. દૈનિક વેતન દરને ધ્યાને લઈ ઘાસ કાપણી, ગાંસડી બાંધવાની, ગાંસડી પ્રેસ કરવાની, ગોડાઉનમાં ગોઠવવાની તેમજ વાહતુક કરવાની તમામ બાબતોને આવરી લઈ સરકારશ્રી દ્વારા ઘાસ એકત્રીકરણના દર મંજુર કરવામાં આવે છે અને પડતર કિંમતને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા નહીં નફો નહીં નુકસાનના ધોરણે મંજુર થયેલ દર મુજબ ઘાસનું વિતરણ કરવામાં આવે છે. આ અંગે વન અને પર્યાવરણ વિભાગના તા.૧૩/૯/૨૦૧૯ ના ઠરાવથી મહેસૂલ વિભાગના પરામર્શમાં દર નક્કી કરાયેલ છે, જેની વિગતો આ પ્રમાણે છે.

| **વિગત** | **ઘાસ સંગ્રહનું વર્ષ** | **ગોડાઉનના ઘાસનો દર પ્રતિ ૧ કિ.ગ્રા.** |
|---|---|---|
| ત્રણ વર્ષ જૂનું ઘાસ | ૨૦૧૬-૧૭ | રૂ ૭.૭૦ |
| બે વર્ષ જૂનું ઘાસ | ૨૦૧૭-૧૮ | રૂ ૮.૩૪ |
| એક વર્ષ જૂનું ઘાસ | ૨૦૧૮-૧૯ | રૂ ૮.૯૮ |

**વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, તથા ૨૦૨૧-૨૨ ના વર્ષ માટેના ઘાસના છુટક વેચાણદર સરકારશ્રીની વિચારણા હેઠળ છે. જયારે ૨૦૨૨-૨૩ ના દર અંગે હવે પછી દરખાસ્ત કરવાની થાય છે**

**પ્રશ્ન:- ૬ દાહોદ જિલ્લામાં હયાત ગોડાઉનની સમગ્ર વિગતો શું છે?**

**જવાબ:- દાહોદ જિલ્લામાં હયાત ગોડાઉનની સમગ્ર વિગતો નીચે મુજબ છે**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગોડાઉનનું નામ | સંગ્રહ ક્ષમતા(લાખ કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | લીમખેડા | લીમખેડા-૧ | ૧.૫૦ |
| ૨ | | | લીમખેડા-૨ | ૧.૫૦ |
| ૩ | | | લીમખેડા-૩ | ૧.૫૦ |
| ૪ | | | લીમખેડા-૪ | ૧.૫૦ |
| ૫ | | | લીમખેડા-૫ | ૧.૫૦ |
| ૬ | | | લીમખેડા-૬ | ૧.૫૦ |
| ૭ | દાહોદ | લીમખેડા | લીમખેડા-૭ | ૨.૦૦ |
| ૮ | | | લીમખેડા-૮ | ૨.૫ |
| ૯ | | | લીમખેડા-૯ | ૨.૫ |
| ૧૦ | દાહોદ | | રામપુરા-૧ | ૨.૦૦ |
| ૧૧ | | | રામપુરા-૨ | ૨.૦૦ |
| ૧૨ | | | રામપુરા-૩ | 3 |
| ૧૩ | | | રામપુરા-૪ | ૨.૦૦ |
| ૧૪ | | | રામપુરા-૫ | ૧.૫૦ |
| ૧૫ | | | રામપુરા-૬ | ૧.૫૦ |
| ૧૬ | | | રામપુરા-૭ | ૧.૫૦ |
| ૧૭ | | | રામપુરા-૮ | ૧.૫૦ |
| ૧૮ | | | રામપુરા-૯ | ૧.૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | | | રામપુરા-૧૦ | ૧.૫૦ |
| ૨૦ | | | રામપુરા-૧૧ | ૧.૫૦ |
| ૨૧ | | દાહોદ | રામપુરા-૧૨ | ૧.૫૦ |
| ૨૨ | | | રામપુરા-૧૩ | ૨.૫૦ |
| ૨૩ | | | રામપુરા-૧૪ | ૩.૫૦ |
| ૨૪ | | | રામપુરા-૧૫ | ૩.૫૦ |
| ૨૫ | | | રામપુરા-૧૬ | ૩.૫૦ |
| ૨૬ | | | રામપુરા-૧૭ | ૩.૫૦ |
| ૨૭ | | | રામપુરા-૧૮ | ૩.૫૦ |
| ૨૮ | | | રામપુરા-૧૯ | ૩.૫૦ |
| ૨૯ | | | રામપુરા-૨૦ | ૨.૫૦ |
| ૩૦ | | | રામપુરા-૨૧ | ૨.૫૦ |
| ૩૧ | દાહોદ | દાહોદ | રામપુરા-૨૨ | ૨.૫૦ |
| ૩૨ | | | રામપુરા-૨૩ | ૨.૫૦ |
| ૩૩ | | | રામપુરા-૨૪ | ૨.૫૦ |
| ૩૪ | | | રામપુરા-૨૫ | ૨.૫૦ |
| ૩૫ | | | રામપુરા-૨૬ | ૨.૫૦ |
| ૩૬ | | | રામપુરા-૨૭ | ૨.૫૦ |
| ૩૭ | | | રામપુરા-૨૮ | ૨.૫૦ |
| ૩૮ | | | દાહોદ-૧ | ૪ |
| ૩૯ | | | દાહોદ-૨ | ૪ |
| ૪૦ | | | દાહોદ-૩ | ૩ |
| ૪૧ | | | દાહોદ-૪ | ૧.૫૦ |
| ૪૨ | | | દાહોદ-૫ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | | | દાહોદ-૬ | ૧.૫૦ |
| ૪૪ | | | દાહોદ-૭ | ૧.૫૦ |
| ૪૫ | | | દાહોદ-૮ | ૧.૫૦ |
| ૪૬ | | | દાહોદ-૯ | ૧.૫૦ |
| ૪૭ | | | દાહોદ-૧૦ | ૧.૫૦ |
| ૪૮ | દાહોદ | બારીઆ | ડાંગરીયા-૧ | ૦.૮૦ |
| ૪૯ | | | ડાંગરીયા-૨ | ૦.૮૦ |
| કુલ | | | | **૧૦૪.૬૦** |

## રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં ઘાસનું થયેલ ઉત્પાદન

**પ્રશ્ન:- ૭ ગુજરાત રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં ઘાસનું કેટલું ઉત્પાદન ?**

**જવાબ:- ગુજરાત રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્પાદન થયેલ ઘાસની વિગતો આ પ્રમાણે છે.**

| વર્ષ | ઉત્પન્ન થયેલ ઘાસનો જથ્થો |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૩૦.૦૦ લાખ કિ.ગ્રા. |
| ૨૦૨૨-૨૩ | ૨૩૯.૦૦ લાખ કિ.ગ્રા. |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં) | ૧૦૨.૮૮ લાખ કિ.ગ્રા. |

**પ્રશ્ન:-૫ દાહોદ જિલ્લામાં આવેલ અનામત-બિન અનામત વીડીઓમાંથી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન એકત્રિત કરાયેલ ઘાસની વિગતો શું છે?**

**જવાબ:- દાહોદ જિલ્લામાં આવેલ અનામત-બિન અનામત વીડીઓમાંથી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન એકત્રિત કરાયેલ ઘાસની વિગતો નીચે મુજબ છે.**

| અ. નં. | તાલુકો | વીડીનું નામ | વિસ્તાર (હેકટરમાં) | એકત્રીત થયેલ ઘાસ (કિ.ગ્રા.) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨૧-૨૨ | ૨૨-૨૩ | ૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ) |
| અનામત વીડીમાંથી એકત્રીત કરેલ ઘાસ | | | | | | |
| | ગરબાડા | માતવા | ૪૨૧.૯૪ | ૧.૦૫ | ૦.૫૦ | ૦.૩૦ |
| | દાહોદ | મુવાલીયા | ૭૩૮.૧૬ | ૩.૫૦ | ૩.૫૦ | ૦.૫૦ |
| | | નીનમળીયા | ૯૨.૫૨ | ૧.૯૦ | ૧.૮૦ | ૧.૦૦ |
| | | રાબડાલ | ૧૩૫.૧૯ | ૨.૨૨ | ૨.૦૦ | ૧.૪૫ |
| | | જેકોટ | ૫૦૩.૨૪ | ૨.૯૦ | ૨.૯૦ | ૧.૪૨ |
| | | રોઝમ | ૩૭૫.૭૮ | ૨.૭૦ | ૨.૭૦ | ૧.૫૦ |
| | | કાળીતળાઇ | ૧૧૨૫.૪૭ | ૪.૦૦ | ૪.૦૦ | ૧.૫૦ |
| | | રામપુરા | ૩૨૬.૫૬ | ૨.૨૦ | ૨.૦૦ | ૧.૫૦ |
| | | ખોડવા | ૭૪૬.૫ | ૧.૮૭ | ૧.૧૨ | ૦.૫૦ |
| | | ખજુરી | ૭૨.૬૦ | ૧.૧૦ | ૧.૧૦ | ૦.૨૫ |
| | ઝાલોદ | ટાઢાગોળા | ૫૭૧.૮૦ | ૧.૩૧ | ૦.૯૧ | ૦.૫૦ |
| | લીમખેડા | જાદાખેરીયા | ૨૯૪.૦૦ | ૨.૮૫ | ૧.૫૦ | ૦.૫૦ |
| **કુલ** | | | **૫૪૦૩.૭૬** | **૨૭.૬૦** | **૨૪.૦૩** | **૧૦.૯૨** |

# હરાજી અંગેની પ્રક્રિયાની વિગતો

**પ્રશ્ન:-૧૫ ગોડાઉનમાં રહેલ ઘાસની ચાર વર્ષ બાદ હરાજીની પ્રક્રિયા શું છે ?**

જવાબ:- ગોડાઉનનું ઘાસ ત્રણ વર્ષ સુધી અને ત્યાર બાદ હજી સારી સ્થિતિમાં હોય તો ચાર વર્ષ સુધી અનામત રાખવામાં આવે છે અને તે પ્રમાણે ત્રણ કે ચાર વર્ષ પછી મહેસુલ વિભાગની મંજુરી મેળવી ઘાસની ગુણવત્તા અને પડતર કિંમતને ધ્યાનમાં લઇ અંદાજીત કિંમત તૈયાર કરવામાં આવે છે અને સક્ષમ અધિકારીની મંજુરી મળ્યા બાદ સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા આપી બહોળી પ્રસિધ્ધિ કરાવી આ ઘાસની હરાજી યોજવામાં આવે છે.

હરાજીમાં ભાગ લેનાર ઈજારદારો જાહેર હરાજીમાં નિયત કરેલ ઈ.એમ.ડી. ભરી ભાગ લે છે અને અપસેટ કિંમત કરતા સૌથી ઉંચી બોલીથી માંગણી થયેથી જે તે માંગણીદારની માંગણી મંજુર કરવામાં આવે છે અને મંજુર થયેલ રકમ વસુલ થયેથી ગોડાઉનનું ઘાસ જે તે ઈજારદારને સુપરત કરવામાં આવે છે.

**પ્રશ્ન:-૧૬ બિન અનામત વીડીની હરાજીની પ્રક્રિયા શું છે ?**

જવાબ:- વિભાગ દવારા બિન અનામત વીડીઓ જેમાં ઘાસ સુધારણા માટે ખાતારાહે કામગીરી કરવાની ન હોય તેવી બિનઅનામત વીડીઓની અંદાજીત કિંમત છેલ્લા ત્રણ વર્ષના અંદાજ ધ્યાને લઈ સક્ષમ અધિકારી દવારા સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા આપી બહોળી પ્રસિધ્ધિ કરાવી વીડીની હરાજી યોજવામાં આવે છે.

હરાજીમાં ભાગ લેનાર ઈજારદારો જાહેર હરાજીમાં ઇ.એમ.ડી. ભરી ભાગ લે છે અને અપસેટ કિંમત કરતા સૌથી ઉંચી બોલીથી માંગણી થયેથી જે તે માંગણીદારની માંગણી મંજુર કરવામાં આવે છે. અને જે તે ઈજારદાર દવારા બોલીની રકમ તાત્કાલિક ભરપાઈ કરાવી **સંબંધિત વીડીનો ઘાસ વાઢી લઈ જવાનો ઈજારો ૧ વર્ષની મુદત માટે આપવામાં આવે છે.**

સદરહુ હરાજીમાં પ્રથમ પ્રયત્ને સફળતા ન મળે તો બીજી બે વખત જાહેર નિવીદા દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરી હરાજી યોજવા પ્રયત્નો કરવામાં આવે છે.

# ઘાસની હરાજીથી ઉપજેલ રકમ

**પ્રશ્ન:-૧૭ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ગોડાઉન તથા ગંજીના ઘાસના કેટલા જથ્થાની હરાજી કરી? અને હરાજી દ્વારા કેટલી રકમ ઉપજી?**

**જવાબ:-** દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગોડાઉન તથા ગંજીના ઘાસની હરાજીની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | હરાજી કરેલ ઘાસનો જથ્થો (લાખ) | ઉપજેલ રકમ (લાખ) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૮.૯૫ | ૩૧.૧૯ |
| ૨૦૨૩-૨૪(તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ) | ૦ | ૦ |
| **કુલ** | **૩૮.૯૫** | **૩૧.૧૯** |

**પ્રશ્ન:-૧૮ દાહોદ જિલ્લામાં બિન અનામત વીડીઓની હરાજીની વિગતો શું છે ?**

**જવાબ:-** દાહોદ જિલ્લામાં બિન અનામત વીડીઓ આવેલી ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

# ઘાસ ગોડાઉનના વીમાની વિગતો

**પ્રશ્ન:-૨૦ ગંજી/ગોડાઉનમાં ઘાસને સંગ્રહ કરતી વખતે સરકારની મિલ્કતને નુકશાન ન થાય તે માટે વીમો ઉતારવામાં આવે છે કે કેમ ?**

જવાબ:-

(૧) વન વિભાગ દ્વારા એકત્રિત કરેલ ઘાસને સુરક્ષિત રાખવા માટે ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવે છે. આ સંગ્રહ કરેલ ઘાસને આગ, ધરતીકંપ, વાવાઝોડા વિગેરેથી સુરક્ષિત રાખવા માટે ઘાસની પડતર કિંમત તેમજ ગોડાઉનની કિંમત ધ્યાને લઇ તેટલી રકમ માટે વીમો લેવામાં આવે છે.

(૨) વીમાનું પ્રીમીયમ ઘાસની પડતર કિંમત તેમજ ગોડાઉનની કિંમત ધ્યાને લઇ તેટલી રકમના ૦.૫ થી ૧.૦૦ ટકા જેટલું હોય છે.

(૩) આવો વીમો એક વર્ષ માટે ઉતરાવવામાં આવે છે. વર્ષ પુર્ણ થતાં આ વીમો આપોઆપ રદ થાય છે અને નવા વર્ષ માટે ફરીથી નવેસરથી ઉપર મુજબ વીમો ઉતરાવવાનો રહે છે.

(૪) આવો વીમો સરકારશ્રી દ્વારા માન્ય નેશનલ ઇન્સ્યોરન્સ કંપની, યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની, ન્યુ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપની તથા નેશનલ ઇન્સ્યોરન્સ કંપની દ્વારા ઉતારવામાં આવે છે.